પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૭ | ૨૯ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર; માગશર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ત્રીજી લહેર : રાજ્યમાં કોરાનાના કેસ ડબલ

છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં કોરોનાના નવા ૩૯૪ કેસ નોંધાયા : અમદાવાદ-૧૭૮, સુરત-૬૧, વડોદરા-૩૫, રાજકોટ-૩૭ કોરોનાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં એકાએક છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસ બમણા થતાં ત્રીજી લહેરના આગમનના એંધાણ વર્તાઈ ચૂક્યા છે. હજુ ગઈકાલે રાજયના આરોગ્ય મંત્રીએ ત્રીજી લહેર અંગે ચિંતા વ્યક્ત કરી હતી ત્યાં તો ૨૪ કલાકમાં જ ગુજરાત ફરીથી કોરોનાની ત્રીજી લહેર તરફ ઘસડાઈ રહ્યું છે.

છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૯૪ કેસ નોંધાતા એક્ટિવ કેસની સંખ્યા ૧૪૨૦ થવા પામી છે. જેમાં ૧૬ વેન્ટિલેટર પર અને ૧૪૦૪ સ્ટેબલ છે. અત્યાર સુધી ૮,૧૮,૪૨૨ કોરોનાના દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૨૨ હોસ્પિટલમાં સારવાર હેઠળ જ્યારે બાકીના હોમ આઈસોલેશનમાં નિરિક્ષણ હેઠળ છે.

આજે નોંધાયેલા કેસમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૭૮, સુરતમાં ૫૨, રાજકોટમાં ૩૫, વડોદરામાં ૩૪, આણંદમાં ૧૨, નવસારીમાં ૧૦ સહિત ૨૯ જીલ્લામાં કોરોના પ્રસરી ચૂક્યો છે.

આજે રાજ્યનો રિકવરી રેટ ૯૮.૬૧ ટકા નોંધાયો છે અને કોરોનાથી ૧ મૃત્યુ નોંધાયું છે.

સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૨,૨૦,૦૮૬ નાગરિકોનું વેક્સિનેશન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હીમાં કોરોના વકરતાં યલો એલર્ટ

શાળા, સિનેમાહોલ, જીમ બંધ, મેટ્રો પર પણ નિયંત્રણ : દિલ્હીમાં કોરોનો રાફડો ફાટ્યો હતો તેના કરતા આ વખતે ૧૦ ગણા વધુ તૈયાર થઈને બેઠા હોવાનો સીએમનો દાવો

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હીમાં સતત ઓમિક્રોન કેસમાં વધારો થઈ રહ્યો છે, આવામાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રીય રાજધાનીમાં આજે વધુ નિયંત્રણો લાગુ કરવાની વાત કરી છે. સીએમ કેજરીવાલે જણાવ્યું છે કે, પાછલા કેટલાક દિવસોમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ ૦.૫%ને પાર કરી ગયો છે. જેના કારણે અમે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએડી)નું લેવલ-૧ (યલો એલર્ટ) લાગુ કરી રહ્યા છીએ. યલો એલર્ટ લાગુ કરવાની જાહેરાત સાથે મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું કે, નિયંત્રણો અંગેની વિસ્તૃત જાહેરાત ટૂંક સમયમાં લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે. તેમના અનુસાર ઓમિક્રોનના ડરે

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં કોરોનાની એક દવા અને બે રસીને મંજૂરી

ઓમિક્રોનના વધતા સંકટ વચ્ચે રાહતના સમાચાર : સ્વાસ્થ્ય મંત્રાલયે એક જ દિવસમાં કોરબેવેક્સ રસી, કોવોવેક્સ રસી અને એન્ટી વાયરલ ડ્રગ મોલનુપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૨૮

કોરોના વાયરસના વધતા કેસ અને ઓમિક્રોનના સંકટ વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કોરોનાની એક દવા અને બે નવી રસીને મંજૂરી આપી દીધી છે. ભારતમાં હવે બે નવી રસી કોરબેવેક્સઅને કોવોવેક્સને મંજૂરી મળી છે. આ ઉપરાંત કોરોનાની દવા મોલનુપિરાવિરને પણ મંજૂરી મળી છે. આ અવસરે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને કહ્યું કે ભારતને અભિનંદન! કોવિડ-૧૯ વિરુદ્ધ લડાઈ મજબૂત બનાવવા માટે સીડીએસસીઓ, સ્વાસ્થ્ય મંત્રાલયે એક જ દિવસમાં કોરબેવેક્સરસી, કોવોવેક્સ રસી અને એન્ટી વાયરલ ડ્રગ મોલનુપિરાવિરને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ વધુ એક ટ્વીટમાં જણાવ્યું કે કોરબેવેક્સ રસી કોવિડ-૧૯ વિરુદ્ધ ભારતની પહેલી સ્વદેશી રીતે વિક્સિત આરબીડીપ્રોટીન સબ યૂનિટ વેક્સીન છે. જેને હૈદરાબાદ સ્થિત બાયોલોજિકલ-ઈ દ્વારા બનાવવામાં આવી છે. આ એક હેટ્રિક છે! હવે ભારતમાં ત્રીજી કોરોના રસી પણ વિક્સિત થઈ ચૂકી છે. તેમણે પોતાની અન્ય એક ટ્વીટમાં લખ્યું કે નેનોપાર્ટિકલ રસી, કોવોવેક્સનું નિર્માણ પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત તેમણે ટ્વીટમાં લખ્યું

કે મોલનુપિરાવિર, એક એન્ટીવાયરલ ડ્રગ હવે દેશમાં ૧૩ કંપનીઓ દ્વારા કોવિડ-૧૯ના વયસ્ક દર્દીઓની સારવાર અને જેમનામાં બીમારી વધવાનું ઉચ્ચ જોખમ છે, તેમના માટે ઈમરજન્સી સ્થિતિમાં મર્યાદિત રીતે ઉપયોગ માટે નિર્મિત કરવામાં આવશે.

બીસીસીઆઈ પ્રમુખ સૌરવ ગાંગુલી કોરોના પોઝિટિવ

સતત તેમના પર નજર રાખી રહી છે તબીબોની ટીમ

નવી દિલ્હી,તા.૨૮

ક્રિકેટ જગત માટે એક માઠા સમાચાર સામે આવ્યાં છે. બીસીસીઆઈ પ્રમુખ સૌરવ ગાંગુલી કોરોના પોઝિટિવ થતાં ખળભળાટ મચી ગયો છે. સૌરવ ગાંગુલી આ પહેલાં પણ અનેક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ સામે ઝઝૂમતા આવ્યાં છે. થોડા સમય પહેલાં જ દાદાને હાર્ટ અટેક આવતાં હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતાં. ત્યારે પણ ડોક્ટરોએ તેમને તબિયત સાચવવા માટે ખુબ જ તાકિદ કરી હતી. એવામાં કોરોનાની ઝપેટમાં આવવાથી તબિયત પર માઠી અસર પડી શકે છે. એજ કારણ છેકે, તેમના સાથી મિત્રો સચિન તેંડુલકર અને ટીમ ઈન્ડિયાના નવા હેડ કોચ રાહુલ દ્રવિડ સહિત સૌ કોઈ ચિંતાતૂર છે. દાદાના ચાહકોને પણ ચિંતા સતાવી રહી છે. સૌ કોઈ તેમના સારા સ્વાસ્થ્ય માટે કામના કરી રહ્યું છે. કોરોનાના ઓમિક્રોનના વધતા સંકટ વચ્ચે આ સમાચાર ચિંતાજનક છે.

આ વર્ષની શરૂઆતમાં સૌરવ ગાંગુલીને પણ હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. ઉલ્લેખનીય છેકે, મ્ઝઝૈં પ્રમુખ અને પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે.

વિશ્વમાં પાંચ દિવસમાં ૧૧૫૦૦ ફ્લાઈટ રદ

ઓમિક્રોનથી એવિયેશન સેક્ટર પર સંકટ વધ્યું

નવી દિલ્હી, તા.૨૮

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કારણે એવિએશન સેક્ટર પરનુ સંકટ વધી ગયુ છે. આખી દુનિયાની એરલાઈનો પર હવે ઓમિક્રોનના કારણે ખતરો મંડરાઈ રહ્યો છે.છેલ્લા પાંચ દિવસમાં દુનિયામાં ૧૧૫૦૦ ફ્લાઈટો ઓમિક્રોનની દહેશતના કારણે રદ કરવામાં આવી છે. નવા વર્ષના ટાણે જ ફ્લાઈટો રદ કરવાના કારણે પર્યટકો અને એરલાઈન કંપનીઓ બંને પરેશાનીનો સામનો કરી રહ્યા છે.છેલ્લા બે દિવસમાં જ ૪૧૦૦ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. અમેરિકા અને બ્રિટન સહિત દુનિયાના ઘણા દેશોમાં ઓમિક્રોનના કારણે સંક્રમિત થયેલા લોકોની સંખ્યા વધી રહી છે.વિવિધ દેશોમાં કોરોનાના કેસ ફરી રેકોર્ડ બ્રેક કરી રહ્યા છે ત્યારે તકેદારીના ભાગરુપે ઘણા દેશો પોતાની ફ્લાઈટસ રદ કરી રહ્યા છે. એવા સમયે ફ્લાઈટસ રદ થઈ છે જ્યારે લોકો ક્રિસમસ વેકેશનમાં બહાર ફરવા માટે નિકળતા હોય છે.કેટલીક એરલાઈનો તો ઓમિક્રોનના કારણે સ્ટાફની અછતનો સામનો કરી રહી છે. આ પહેલા પણ કોરોનાની પહેલી અને બીજી લહેરમાં એરલાઈન કંપનીઓ નુકસાન ભોગવી ચુકી છે ત્યારે તેમને ઓમિક્રોનના કારણે વધુ એક ફટકો પડે તેમ લાગી રહ્યુ છે.

ક્રિપ્ટો પર પ્રતિબંધથી દેશ વૈશ્વિક રીતે અલગ પડી જશે

રિઝર્વ બેન્કની પ્રતિબંધની માગ સામે નિષ્ણાતોની ચેતવણી : ક્રિપ્ટોને ભલે કરન્સી તરીકે કાનૂની માન્યતા ન મળે, પરંતુ સંપૂર્ણ પ્રતિબંધ શક્ય ન હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય

નવી દિલ્હી, તા.૨૮

૨૦૧૩ની ક્રિસમસ પૂર્વે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ એક ચેતવણી આપીને કહ્યું હતું કે ક્રિપ્ટો કરન્સીમાં નાણાકીય, લિગલ અને સિક્યોરિટીના પ્રશ્નો રહેલા છે, તેથી ભારતીયોએ ક્રિપ્ટો કરન્સીથી દૂર રહેવું. આરબીઆઈની આ ચેતવણીના ચાર વર્ષ અગાઉ સૌથી પહેલી ક્રિપ્ટો કરન્સી બિટકોઈન લોન્ચ થઈ ગઈ હતી. હવે ૨૦૨૧ની વાત કરીએ. આરબીઆઈએ ક્રિપ્ટોમાં રોકાણ કરવાની ભારતીયોને મનાઈ કરી તેના આઠ વર્ષ પછી ક્રિપ્ટો કરન્સી નબળી પડવાના બદલે વધુ મજબૂત બની છે. આ મહિને આરબીઆઈએ ક્રિપ્ટો પર સંપૂર્ણ પ્રતિબંધની માંગણી કરી હતી કારણ કે આંશિક નિયંત્રણોથી કોઈ ફાયદો નહીં થાય. ૨૦૧૮માં આરબીઆઈએ ભારતમાં ક્રિપ્ટો ટ્રેડની મનાઈ ફરમાવી હતી અને બેંકોને પણ તેમાં કોઈ ફેસિલિટી ન આપવા હુકમ કર્યો હતો. જોકે, ૨૦૨૦માં સુપ્રીમ કોર્ટના એક આદેશે આરબીઆઇના પગલાને ફગાવી દીધો હતો. આરબીઆઈએ ક્રિપ્ટોનો સતત વિરોધ કર્યો છે કારણ કે તેની ફાઈનાન્શિયલ સ્થિરતા અંગે શંકા છે. એક વખત વર્ચ્યુઅલ કરન્સીને છૂટ આપવામાં આવે તો બેંકો અને બીજી રેગ્યુલેટેડ એન્ટીટીનું મહત્ત્વ ઘટી જશે. આ ઉપરાંત ક્રિપ્ટોમાં પ્રાઈસ વોલેટિલિટી પણ બહુ વધારો જોવા મળે છે તથા ટ્રાન્ઝેક્શનને ટ્રેસ કરવા મુશ્કેલ હોય છે.

પિયુષ જૈન પાસેથી ૬૪ કિલો સોનું મળી આવ્યું

કાનપુર, તા.૨૮

કાનપુરના પાનમસાલા અને અત્તરના વેપારી પિયુષ જૈનના ઘરેથી મળેલી રોકડ રકમ અને સોનુ ચાંદી આખા દેશમાં ચર્ચાનો વિષય બની છે. પિયુષના ઘરે જીએસટી અને આવકવેરા વિભાગની ટીમોએ દરોડો પાડીને ૨૩૨ કરોડની રોકડ રકમ કબ્જે કરી હતી અને આ ચલણી નોટો ગણવામાં તો બેંકના મશિનો પણ ગરમ થઈને ખોટકાઈ ગયા હતા. તેની સાથે સાથે પિયુષ જૈનના ઘરેથી અધધ..૬૪ કિલો સોનુ મળી આવ્યુ છે.ભારતમાં દરેક વ્યક્તિ દીઠ સરેરાશ ૦.૫૧ ગ્રામ સોનુ છે તેવુ ખુદ સરકારના આંકડા કહે છે. એ પ્રમાણે જોવામાં આવે તો ભારતના ૧.૨૫ લાખ લોકો જેટલુ સોનુ તો એકલા પિષુય જૈન પાસેથી મળી આવ્યુ છે. જીએસટી વિભાગના અધિકારીઓનો દાવો છે કે, પિયુષ જૈને ઘરમાંથી મળેલી રોકડ રકમ પોતાની હોવાનુ કબલ્યુ છે. આ કેશ તેણે માલ વેચીને ભેગી કરી હતી પણ જીએસટી ચુકવ્યો નહોતો.તેના પર ૫૨ કરોડનો દંડ અને ટેક્સ લાયબલિટીની કલમ લગાડવામાં આવી છે. ૬૪ કિલો સોનાની સાથે સાથે ૨૫૦ કિલો ચાંદી અને ૬૦૦ લિટર ચંદનનુ તેલ પણ મળી આવ્યુ છે.

સેન્સેક્સનો ૪૭૭, નિફ્ટીનો ૧૪૭ પોઈન્ટનો મોટો કૂદકો

મુંબઈ, તા.૨૮

આજે એટલે કે મંગળવારે શેરબજાર લીલા નિશાન પર ખુલ્યું અને દિવસભરના ઉતાર-ચઢાવ બાદ વધારા સાથે બંધ થયું. સેન્સેક્સ ૪૭૭.૨૪ પોઈન્ટના વધારા સાથે ૫૭,૮૯૭.૪૮ પર બંધ રહ્યો હતો. બીજી તરફ એનએસઈનો નિફ્ટી પણ ૧૪૭ પોઈન્ટના ઉછાળા સાથે ૧૭,૨૩૩.૨૫ પર બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં મજબૂત વલણ વચ્ચે ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ફોસિસ અને એચડીએફસી બેંકમાં ઉછાળા સાથે બજારો ઉંચા ગયા હતા. સેન્સેક્સના શેરમાં લગભગ ત્રણ ટકાનો ઉછાળો સાથે એશિયન પેઈન્ટ્સ ટોપ ગેનર રહ્યો હતો.

ઉપરાંત સન ફાર્મા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટાઈટન પણ વધ્યા હતા. બીજી તરફ, ખોટ કરતા શેરોમાં ઈન્ડસઈન્ડ બેંક અને પાવરગ્રીડનો સમાવેશ થાય છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વીકે વિજયકુમારે જણાવ્યું હતું કે યુએસ માર્કેટમાં મક્કમતા (સોમવારે રેકોર્ડ હાઈ પર એસએન્ડપી ૫૦૦) અને ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો સૂચવે છે.

લુધિયાણા કોર્ટ વિસ્ફોટ કેસમાં આરોપી જસવિન્દર મુલ્તાનીની જર્મનીમાંથી ધરપકડ

બર્લિન,તા.૨૮

લુધિયાણા કોર્ટ વિસ્ફોટ કેસમાં મોટી સફળતા મળી છે. વિસ્ફોટના આરોપી જસવિન્દર સિંહ મુલ્તાનીની જર્મનીમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતની ભલામણ પર જર્મની પોલીસે જસવિન્દર સિંહ મુલ્તાનીની ધરપકડ કરી છે. લુધિયાણા કોર્ટ વિસ્ફોટ કેસનો આરોપી જસવિન્દર સિંહ મુલ્તાની શીખ ફોર જસ્ટિસ સાથે જોડાયેલો છે. જસવિન્દર પાકિસ્તાની ગુપ્તચર એજન્સી

આઈએસઆઈના ઈશારે કામ કરી રહ્યો છે. તેણેંજેં ના ઈશારે લુધિયાણા કોર્ટમાં ધડાકાનું ષડયંત્ર રચ્યું હતું. સૂત્રોના જણાવ્યાં મુજબ જસવિન્દર સિંહ મુલતાની ખાલિસ્તાની આતંકીઓને હથિયારો ઉપલબ્ધ કરાવવામાં લાગ્યો હતો જેથી કરીને મુંબઈ અને દિલ્હીમાં પણ આતંકી હુમલા કરાવી શકાય. મોદી સરકારે Highest Level પર જર્મનીની સરકારને આરોપી જસવિન્દર સિંહ મુલ્તાની પર કાર્યવાહી

● અનુસંધાન પાન-૭ પર